કેસ દાખલ તારીખ :-૧૨/૦૬/૨૦૨૩
કેસ રજીસ્ટર તારીખ :-૧૨/૦૬/૨૦૨૩
ફૈંસલ તારીખ :-૩૦/૦૬/૨૦૨૬
સમય ગાળો વર્ષ માસ દિવસ
૦૩ ૦૦ ૧૮

# <u>એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટ માં. મુ.રાધનપુર જી.પાટણ</u>

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબર ૯૯/૨૦૨૩**

**આંક : ૩૪**

**અરજદાર** :- (૧) મદીનાબેન ખાલીદભાઈ વેપારી ,
ઉ.વ.૨૮, રહે.રાધનપુર,
બંદુકવાસ મુ.તા.રાધનપુર,જી.પાટણ.

**વિરૂધ્ધ**

**સામાવાળા** :-(૧) ખાલીદભાઈ ઈદ્રીસભાઈ વેપારી ,
ઉ.વ. પુખ્ત, ધંધો. વેપાર-ખેતિ,
(૨) ઈદ્રીસભાઈ બાબુજી વેપારી ,
ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર-ખેતિ
(૩) અમીનાબેન ઈદ્રીસભાઈ વેપારી,
ઉ.વ. પુખ્ત, ધંધો. ઘરકામ,
(૪) સોયબભાઈ ઈદ્રીસભાઈ વેપારી ,
ઉ.વ.પુખ્ત, ધંધો. વેપાર-ખેતિ
(૫) નફીસાબેન નુરમહંમદ વેપારી,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો. ઘરકામ
તમામ રહે.વેપારી વાસ, ટેકરા પાસે,સમી, જી.પાટણ.

**અરજ :- ઘરેલું હિંસા થી સ્ત્રીઓનુ રક્ષણ અધિનીયમ,૨૦૦૫ ની કલમ ૧૨ અન્વયે.....**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી એ.એમ.શેખ**
**સામાવાળા નં.૧ થી ૩ તથા ૪,૫ તરફે : વિ.વ.શ્રી કે.એમ.કાઝી**
**સામાવાળા નં.૪ તરફે : : કોઈ હાજર નથી**

**<u>-:: જ જ મે ન્ટ ::-</u>**

(૧)આ કામે અરજદાર ની ઘરેલું હિંસા થી સ્ત્રીઓ નુ રક્ષણ અધિનિયમ,૨૦૦૫ ની કલમ ૧૨ ની જોગવાઈ મુજબ ના હુકમો મેળવવાની આ અરજ ની ટુંક માં હકીકત એવી છે કે– અરજદાર ના નિકાહ સામાવાળા નં. ૧ સાથે મુસ્લીમ સમાજ ના રિત રીવાજ મુજબ આ અરજ કર્યા ના સાત વર્ષ અગાઉ થયેલ છે. આમ, સામા–વાળા નં.૧ અરજદાર ના પતિ તથા સામાવાળા નં.૨ થી ૪ ના અનુક્રમે અરજદાર ના સસરા,સાસુ તથા દિયર થાય છે તેમજ સામાવાળા નં. ૫ સાથે સામાવાળા નં.૧ ના ગેરકાયદેસર સબંધ ધરાવે છે. નિકાહ બાદ અરજદાર તેમમની સાસરી સમી મુકામે ગયેલ અને પત્ની તરીકે ની ફરજો તથા જવાબદારી નિભાવતા હતા. અરજદાર સાસરી માં સામાવાળા નં.૧ થી ૪ ની સાથે સંયુકત કુટુંબ માં રહેતા હતા અને અરજદાર નુ લગ્ન જીવન સારી રીતે ચાલી રહેલ હતુ અને આ લગ્નજીવન દરમિયાન અરજદાર ને પુત્ર નામે અતીક નો જન્મ થયેલો તે છ વર્ષ નો છે. હાલ અરજદાર સાથે રાધનપુર મુકામે રહે છે. અરજદાર સગર્ભા હતા તે સમય દરમિયાન સામાવાળા નં.૧ વિદેશ સાઉદીયા જતા રહેલા અને જયાં ડ્રાઈવીંગ નુ કામ કરતા હતા અને વિદેશી માં જે કંઈ કમાઈ ને અરજદાર ના સાસરે સમી મુકામે મુકતા તેમાં થી અરજદાર ની જરૂરીયાત મુજબ ની મદદ પણ આપવામાં આવતી નહી અને વિદેશ ગયા બાદ સામાવાળા નં.૧ એ અરજદાર સાથે કયારેય સહાનુભુતિપૂર્વક વાત કરેલ નહી કે સંપર્ક પણ કરતા નહી અને અરજદારને પુત્ર અતીક નો જન્મ થયેલ તેની પણ સંભાળ સામાવાળા નં.૨ થી ૪ વાળાઓએ લીધેલી નહી. સામાવાળા નં.૧ તે અરસા માં સ્વદેશ ભારત માં પરત આવેલા તો પણ અરજદાર સાથે સારો વ્યવહાર કરતા ન હોઈ અરજદારને તેમના પુત્ર ના ભવિષ્ય ની ચિંતા હોઈ જેથી સામાવાળાઓનું વર્તન સહન કરે જતા હતા. સામાાવાળા નં.૨ થી ૪ ના એ પણ સામાવાળા નં.૧ ને સમજાવવાની કોશિષ કરેલ નહી. ઉપર થી સામાવાળા નં.૧ ને ખોટી રીતે પ્રોત્સાહન આપી ખોટી રીતે મદદ કરી ગેરમાર્ગે દોરતા હતા અને સામાવાળા નં.૧ અન્ય સ્ત્રી (નફીસા) સામાવાળા નં.૫ જોડે સબંધ રાખી પોતાની મરજી મુજબ નું ઉડાઉ જીવન જીવવા લાગેલાજે બાબતે અરજ–દારે સામાવાળા ને આ વર્તન સારુ નથી અને ઘર તરફ ઘ્યાન રાખવાનું કહેલ અને ઘર ના વડીલોને પણ જાણ કરેલ છતાં પણ કોઈએ સામાવાળા નં.૧ ને સમજાવેલ નહી અને અરજદારે સામાવાળા નો સંપર્ક કરેલ અને તેમને મળીને આવું વર્તન ન કરવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ જઈ અરજદાર સાથે અભદ્ર વર્તન કરી માર ઝુડ કરતા અને સામાવાળા નં.૧ તેમના કુટુંબીજનોને પણ સાથ આપી કાઢી મુકેલ જેથી નાછુટકે અરજદારે તા. ૨૯/૪/૨૧ ના રોજ રાધનપુર મુકામે પોલીસ સ્ટેશન માં સામાવાળાઓ વિરૂઘ્ધ ઈ.પી.કો. કલમ ૪૯૮ (અ),૩૨૩,૩૦૪,૨૦૪(બી),૫૦૬(૨),૧૧૪ તથા દહેજ પ્રથા અધિનિયમ કલમ ૪ તથા જી. પી. એકટ ૧૩૫ મુજબ રાધનુપર પોલીસ સ્ટેશન એફ.આઈ.આર નં.૧૧૨૧૭૦૨૭૨૧૦૪૭૧ મુજબ ફરીયાદ કરેલ છે તેમાં સામાવાળાઓ જામીન ઉપર મુકત થયેલા છે તેમ છતાં તેઓના વર્તન માં કોઈ ફરક ન પડતા અને ત્યારબાદ પણ અરજદાર ને ગેરવર્તન અને ધમકીઓ આપતા સામાવાળાઓ ની વર્તણુક ને લઈને અરજદારે પુત્ર સાથે સામાવાળા નં.૧ વિરૂઘ્ધ ભરણપોષણ મેળવવા બાબતે સી.આર.પી.સી. કલમ ૧૨૫

મુજબ ક્રિ.પ.અ.૯૯/૨૧ દાખલ કરવી પડેલ જે હાલે પેન્ડીંગ છે. છતાં સામાવાળા નં.૧ પોતાના ઉકત વર્તનથી બર નહી આવતા અને સામાવાળાઓના મેળાપીપણામાં ગેરકાયદેસર સાથ સહકારથી સામાવાળા નં.૫ સાથે ઉડાઉ અને મોજશોખવાળું પોતાની મરજી મુજબ નું જીવન જીવી રહેલ હોઈ અને અરજદાર અને સગીર બાળકના લાંબા ભવિષ્યનો લેશ માત્ર વિચાર કર્યા વિના સૌ સાથે મળીને અરજદાર પ્રત્યે સતત પારીવારીક હિંસાઓ અને ત્રાસ આચરી રહેલ હોઈ ના છુટકે તેઓ સૌ વિરૃધ્ધ જરૂરી રક્ષણ મેળવવા જરૂરી હુકમો થવા હાલ ની અરજી આ અરજ લાવવી પડેલાનુ જણાવી વધુમાં સામાવાળા નં.૧ને તથા સામાવાળા નં.૨ ના ને સમી મુકામે કાયમી રીતે નોનવેજ ફરસાણ નો સારો એવો વેપાર /ધંધો આવેલો છે. સામાવાળા ઓ ને ખેતી ની જમીન પણ આવેલ છે અને સામાવાળા નં.૧ વિદેશ સાઉદીયા જઈને આવેલ છે અને સારી એવી કમાણી કરી સારું એવુ રોકાણ કરી રાખેલ છે.આમ, સામાવાળાઓને નોનવેજ/ફરસાણના ધંધા થકી માસીક રૂા.૫૦,૦૦૦/– તેમજ ખેતીમાંથી પણ વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/– જેવી સારી એવી આવક હોઈ જેથી તેઓ મોજશોખવાળું જલસાબંધ જીવન જીવી રહેલ છે અને સામાવાળાઓની અરજદાર તથા સગીર પુત્ર અતીક ની ભરણપોષણ,રહેઠાણ દવા–સારવાર, કપડા–લત્તાં તથા સામાજીક એમ તમામ પ્રકાર ની વ્યવસ્થા કરવાની કાયદેસરની જવાબદારી રહેલી છે છતાં તેઓ આવી કોઈ જવાબદારી નિભાવતા ન હોવાનુ પ્રતિપાદીત કરી આમ,ઉપરોકત હકીકતે અરજદારે પોતાની અરજી લગત ફોર્મ નં.૨ સામેલ કરી ઘરેલુ હિંસા થી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમની કલમ ૧૮ મુજબ ૧) રક્ષણ હુકમ મેળવવા, કલમ ૧૯ મુજબ રહેઠાણ નો હુકમ મેળવવા, કલમ ૨૦ મુજબ નાણાંકીય મદદ અપાવવા, સામાવાળા ને વળતર અથવા નુકશાની નો નિર્દેષ કરવા કોર્ટ ને યોગ્ય લાગે તે વચગાળા નો હુકમ કરવા, કેસ ના સંજોગો મુજબ યોગ્ય હુકમ કરવા, બાળક ની સ્કુલ જગ્યા માં પ્રવેશ કરવા ઉપર સામાવાળા ને મનાઈ કરવા, અરજદાર ની સાથે વાતચિત કરવા સામે મનાઈ હુકમ મેળવવા તથા પુરાવા વિના ખોટા આક્ષેપો કરે નહી તથા ખોટા કેસો કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ મેળવવા, મિલકત માં થી છુટા પાડવા સામે મનાઈ હુકમ મેળવવા, સંયુકત બેન્ક લોકર /ખાતુ ચલાવવા મનાઈ ફરમાવવા તથા તે અરજદાર ને ચલાવવા રજા આપવા, અશ્લીલતા/સબંધીઓ / ભોગ બનનાર વ્યકિત ના બીજા લોકો દુર રહેવાનો નિર્દેશ મેળવવા, કૌટુંબીક ભાગ માં દાખલ થવા ઉપર ભાગ માં થી છુટા પાડવા/બે દખલ કરવા/દુર કરવાની કોશિષ ન કરવા હુકમ મેળવવા, વ્યકિતગત હેસિયત થી અરજદાર ને મળતી સગવડના હકકો અપાવવા, સામાવાળાઓ કૌટુંબીક ભાગ માં થી દુર થાય તથા તે જ સ્તર ના સલામત વૈકલ્પિક રહેઠાણ નુ ભાડુ ચુકવે. કલમ ૨૦ મુજબ કમાણી નુ નુકશાન રૂા.૨, ૫૦,૦૦૦/–તથા શારીરિક માનસીક ઈજા ના નુકશાન ના રુ.૨,૫૦,૦૦૦/–તથા માસિક રુ.૨૦,૦૦૦ કલમ ૨૦ મુજબ ખોરાક,કપડાં,દવાઓ તથા બીજી પાયા ની જરુરીયાત માટે સ્કુલ તથા તેને લગતા ખર્ચાઓ ની રકમ રુ.૧૫,૦૦૦/–મકાન ભાડુ માસિક રુ.૫,૦૦૦/– મળી કુલ રકમ રુ.૨૦,૦૦૦/–મેળવવા દાદ માંગેલ છે.

(૨) આ કામે અરજદાર ની અરજ રજુ થતા સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે નોટીસ સામાવાળાઓ ને બજી જતાં તમામ સામાવાળા તેમના વિ.વ.શ્રી સાથે આ કામે હાજર થયેલ છે તથા સામાવાળા નં.૪ ધ્વારા લેખિત જવાબ રજુ નહી થતાં તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ સામાવાળા નં.૪ ના જવાબ નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે જયારે સામાવાળા નં.૧ થી ૩ અને ૫ ધ્વારા આંક ૧૨ થી લેખીત જવાબ રજુ કરેલ છે,જે જવાબ ની હકીકતે જોવામાં આવે તો અરજદાર ની અરજ ના પેરા-૧ તથા ની હકીકત ખરી હોવાનુ જણાવી મુખ્યત્વે અરજદાર ની અરજી નકારી ખરી હકીકતે જણાવેલ છે કે-સામાવાળા નં.૧ ના લગ્ન અરજદાર ની સાથે આજથી આશરે ૯ વર્ષ અગાઉ થયેલા. અરજદાર જેટલો પણ સમય સામાવાળા ની સાથે રહેલા તેટલા સમય સુધી અરજદારને સામાવાળાએ ખુબજ સારી રીતે રાખતા હતા અને તેની સાથે રહી પતિ તરીકે ની તમામ ફરજો અને હકકો અદા કરતા હતા. સામાવાળા નં.૧ નાએ કે સામાવાળા નં.૨ થી ૪ ના એ કયારેય અરજદારને કોઈ ત્રાસ આપેલ નથી કે સામાવાળાઓએ અરજદારને કયારેય કોઈ ઘરેલું હિંસા કરેલ નથી. સામાવાળા નં.૨ તથા ૩ ના વૃધ્ધ છે અને હાલે કાંઈ કામ ધંધો કરી શકતા નથી. સામાવાળા નં. ૨ સતત બિમાર રહે છે અને શ્વાસ ની બીમારી છે અને થોડુ ચાલે છે તો સાંસ ફુલી જાય છે અને સામાવાળા નં.૩ પણ અવાર નવાર બીમાર રહે છે. સામાવાળા નં.૧ ના લગ્ન થયા બાદ અરજદાર તેઓના ઘરે સમી મુકામે આવેલ અને શરુઆતમા એકમાસ જેટલો સમય રોકાયેલા અને અરજદારના માતાનો ફોન આવતા તેઓ તેમને તેડી ગયેલા અને દશ પંદર દિવસ અરજદાર તેમના પિયર રોકાઈ ને પરત પાછા આવેલા તે રીતે અરજદાર સામાવાળા ના ત્યાં એક દોડ માસ રોકાતા અને ફરી તેમના પિયર માં જવાની જીદ કરતા. શરુઆત નો એક વર્ષ જેટલો સમય તે રીતે ચાલેલુ કારણ કે અરજદાર ને શરુઆતથી જ ભેગા રહેવા ગમતુ ન હતુ અને વારંવાર તેઓને માતા પિતા થી અલગ રહેવાનુ જણાવતા હતા. સામાવાળા નં.૧ અલગ રહેવાનું ના પાડતા કેમ કે સામાવાળા ના તેઓના નાના એક ભાઈ છે પરંતુ કોઈ બહેનો નથી અને જો સામાવાળા નં. ૧ તેઓના માતા પિતા થી અલગ રહે તો તેઓના વૃધ્ધ માતા પિતા ની સેવા ચાકરી કોણ કરશે તેવા હેતુ થી અલગ રહેતા ન હતા. અરજદાર તેઓને ઘણીવાર જણાવતા કે બજારમાંથી સોના ચાંદીના લઈ આપો તેવી ખોટી માંગતી કરતા સામાવાળા ગરીબ મજુર વર્ગના માણસ અને ગામડામા રહેતા હોઈ તેઓની આર્થિક સ્થિતિ ખુબ જ નબળી હોઈ અરજદારની માંગણીઓને પુરી કરી શકતા ન હતા અને અરજદાર સામાવાળા ને ઘણી વાર જણાવતા કે ચાલો આપણે રાધનપુર જતા રહીએ અથવા કોઈ શહેર માં જતા રહીએ અને ઘર જમાઈ તરીકે રહેવાનુ વારંવાર અરજદાર જણાવતા હતા સામાવાળા અરજદાર ને સમજાવતા કે જો આપણે અલગ રહેવા જોઈશુ તો માતા પિતા ની સેવા ચાકરી કોણ કરશે તો અરજદાર ગુસ્સે થઈ જતા અને તેઓને જે ફાવે તેમ બોલતા અને તેઓની સાથે તોછડુ વર્તન કરતા હતા તેમ છતા અરજદારનુ આવુ વર્તન સહન કર્યે જતા હતા.અરજદાર સામાવાળાઓની સાથે રહેવા માંગતા ન હતા અને રોકડ અને સોના ચાંદીના કપટપુર્વક લઈને જતા રહેલા. અરજદાર શરુઆત થી સામાવાળાઓ પ્રત્યે તોછડુ વર્તન કરતા અને અરજદાર ના આવા

વર્તન ને સામાવાળાઓ જતુ કરવાની ભાવના રાખતા હતા.સામાવાળા નં.રતથા ૩ ના વૃધ્ધછે અને તેઓની સેવા ચાકરી કરવી અરજદાર ને ગમતુ ન હતુ અને તેઓની સાથે નાની નાની બાબતો માં ઝઘડો તોફાન કરતા જાણે અરજદાર ને તેઓની સાથે રહેવુ ન હોય તેવુ વર્તન કરતા હતા. અરજદારને સામાવાળા એ કયારેય માનસિક કે શારીરીક ત્રાસ આપી મારઝુડ કરી કાઢી મુકેલા નથી. અરજદાર તેમની મરજી થી તેમના પિયર જતા રહેલા છે. સામાવાળા નં.૧ ના મજુરી કરી માસિક રૂા.૪,૦૦૦/–કમાણી કરી તેઓનુ અને તેઓના કુટુંબ નુ ગુજરાન ચલાવે છે. સામાવાળા નં.૧ ના ઉપર તેઓના વૃધ્ધ માતા પિતા તથા નાના ભાઈ ના ભરણ પોષણની જવાબદારી છે અને ઉપરોકત રકમમા તેઓનુ ગુજરાન ખુબ જ મુશ્કેલી થી ચલાવે છે. સામાવાળા નં.૧ તથા તેઓના પિતાને સમી મુકામે કાયમી રીતે નોનવેજ ફરસાણનો સારો વેપાર ધંધો આવેલ નથી કે સામાવાળાઓ ને ખેતી ની જમીન આવેલ નથી. સામાવાળા નં.૧ વિદેશ સઉદીયા જઈ આવેલ છે તે હકીકત ખરી છે પરંતુ આઠ માસ જેટલો સમય રહી પરત આવી ગયેલા કારણે તેઓની તબીયત બરાબર રહેતી ન હતી. સામાવાળાઓ ફરસાણમાંથી રૂા.૫૦,૦૦૦/–ની આવક મેળવતા નથી કે ખેતીમાં થી વાર્ષિક રૂા.૨,૦૦,૦૦૦/–જેટલી આવક ધરાવતા નથી. સામાવાળા ને ખેતી ની કોઈ જમીન જ નથી એટલે ખેતીની જમીન માં થી આવક મેળવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. અરજદારે સામાવાળા નં.૧ વિરુધ્ધ અગાઉ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૧૨૫ મુજબ ની અરજ કરેલ છે જે પેન્ડીંગ હોવાનુ જણાવી અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે અરજદાર તરફે નીચે મુજબ નો લેખિત મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અનુ. | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નું લેખિત સર તપાસ નું સોગંદનામુ | ૧૬ |

અરજદાર તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

ત્યારબાદ અરજદાર તરફે **આંક ૨૦** થી પુરાવો પુર્ણ થયાની **કલોઝીંગ પુરસીસ** રજુ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામે સામાવાળા તરફે સામાવાળા નં.૧ વેપારી ખાલીકભાઈ ઈદ્રીશભાઈ નું લેખિત સર તપાસ નું સોગંદનામુ આંક ૨૫ થી રજુ થયેલ પરંતુ સામામાવાળા ઉલટ તપાસ સારુ હાજર રહેતા ના હોઈ સર તપાસ નુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે જયારે સામાવાળા તરફે નીચે મુજબ નો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## દસ્તાવેજી પુરાવો

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રકમ ભર્યા ની પહોંચ | ૨૯ |

(૫) ત્યારબાદ સામાવાળાઓ પુરાવો રજુ નહી કરતાં તેઓના પુરાવા નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬)ત્યારબાદ આ કામે અરજદારપક્ષે વિ.વ.શ્રી એ.એમ.પઠાણ ને સાંભળ્યા તથા સામાવાળા નં.૧ થી ૩ તથા ૫ તરફે વિ.વ.શ્રી કે.એમ.કાઝી ની દલીલ સાંભળી તથા આ કામ નું રેકર્ડ વંચાણે લીધુ આમ સદર અરજ ના ન્યાયીક નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### -: મુદ્દા :-

| | |
|---|---|
| ૧ | શું અરજદાર પુરવાર કરે છે કે,સામાવાળા નં.૧ ના તે અરજદાર ના પતિતથા સામાવાળા નં.૨ થી ૪ ના તે અનુક્રમે અરજદાર ના લગ્નેતર સગા સસરા-સાસુ-દિયર છે ? તેમજ શું સામાવાળા નં.૫ ના તે સામાવાળા નં.૧ સાથે ગેરકાયદેસર સબંધ ધરાવતા ઈસમ છે ? તથા શુ સામાવાળાઓએ અરજદાર નો વ્યાજબી કારણ વિના ત્યાગ કરેલ છે ? |
| ૨ | શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ માં માંગ્યા મુજબ ની કલમ ૧૮ મુજબ રક્ષણ હુકમ મેળવવાની દાદ મેળવવા હકદાર છે ? |
| ૩ | શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ માં માંગ્યા મુજબ ની કલમ ૧૯ મુજબ રહેઠાણ નો હુકમ મેળવવાની કે વૈકલ્પિક રહેઠાણ નુ માસિક ભાડુ રુ.૫,૦૦૦/- મેળવવાની દાદ મેળવવા હકદાર છે ? |
| ૪ | શું અરજદાર તેઓની અરજી સાથે રજુ ફોર્મ નં.૨ માં માંગ્યા મુજબ ની કલમ ૨૦ મુજબ કલમ ૨૦ મુજબ નાણાંકીય મદદ અપાવવાની,વળતર અથવા નુકશાની મેળવવાની બાળક ની સ્કુલ જગ્યા માં પ્રવેશ કરવા ઉપર સામાવાળા ને મનાઈ કરવાની, અરજદાર ની સાથે વાતચિત કરવા સામે મનાઈ હુકમ મેળવવાની તથા પુરાવા વિના ખોટા આક્ષેપો કરે નહી તથા ખોટા કેસો કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ મેળવવાની, મિલકત માં થી છુટા પાડવા સામે મનાઈ હુકમ મેળવવા, સંયુકત બેન્ક લોકર /ખાતુ ચલાવવા મનાઈ ફરમાવવા તથા તે અરજદાર ને ચલાવવા રજા આપવા, અશ્લીલતા/સબંધીઓ/ભોગ બનનાર વ્યકિત ના બીજા લોકો દુર રહેવાનો નિર્દેશ મેળવવા, કૌટુંબીક ભાગ માં દાખલ થવા ઉપર ભાગ માં થી છુટા પાડવા/બે દખલ કરવા/દુર કરવાની કોશિાષ ન કરવા હુકમ મેળવવા, વ્યકિતગત હેસિયત થી અરજદાર ને મળતી સગવડના હકકો અપાવવા, સામાવાળાઓ કૌટુંબીક ભાગ માં થી દુર કરવાની તથા કમાણી નુ નુકશાન રૂા.૨,૫૦,૦૦૦/-તથા શારીરિક માનસીક ઈજા ના નુકશાન ના રુ.૨,૫૦,૦૦૦/-ની દાદ મેળવવા હકદાર છે ? |
| ૫ | શું અરજદાર ખોરાક,કપડાં,દવાઓ તથા બીજી પાયા ની જરુરીયાત માટે સ્કુલ તથા તેને લગતા ખર્ચાઓ ની રકમ રુ.૧૫, ૦૦૦/-ની નાણાં વિષયક દાદ મેળવવા હકદાર છે? |
| ૬ | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદ્દાઓનો ન્યાયીક નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) અંશત: હકાર માં,

(૨) નકાર માં,

(૩) નકાર માં,

(૪) નકાર માં,

(૫) અંશત: હકાર માં,અરજદાર ને મા।સિક રુ.૪,૦૦૦/–તથા સગીર અતીક ને માસિક રુ.૨,૦૦૦/– લેખે.

(૬) આખરી હુકમ મુજબ.

**–: <u>કા ર ણો</u> :–**

**<u>મુદ્દા નં.૧ તથા ૫ સંયુકત :–</u>**

(૮) આ કામે અરજદાર પક્ષે તેઓની અરજી ની હકીકત પુરવાર કરવા સારુ રજુ પુરાવો જોઈએ તો **આંક ૧૬** થી અરજદારે લેખિત સરતપાસ નુ સોગંદનામુ રજુ કરી પોતાની અરજી માં જણ।વેલ હકીકતો નું પુનરા વર્તન કરેલ હોઈ તેની પુનરાવર્તીત ચર્ચા ન કરતાં યોગ્ય ઠેકાણે આ ઠરાવ માં તેની ચર્ચા કરવામાં આવેલ છે. જયારે પ્રતિસ્પર્ધી સામાવાળા તર્ફે વિ.વ.શ્રી એ અરજદાર ની લીધેલ ઉલટ તપાસ જોઈએ તો ઉલટ તપાસ માં અરજદારેએ હકીકત નો સ્વીકાર કરેલ છે કે, અરજી કરતા અગાઉ તેઓએ નામદાર ફેમિલી જજ સાહેબની કોર્ટ માં સી.આર.પી.સી. કલમ ૧૨૫ મુજબ ની ભરણપોષણ મેળવવા માટેની અરજી કરેલી જે અરજી હેઠળ રાધનપુરના ફેમિલી જજ સાહેબે તેઓને અરજદાર ૧ અને અરજદાર ૨ ને રૂા.૫,૦૦૦/–ચુકવવાનો હુકમ કરેલ છે. આ કામના સામાવાળા નંબર ૫ નફીસાબેન સમી મુકામે અમો જેટલો સમય તેઓની સાસરી માં રહેલા તેટલા સમય સુધી તેઓ તેઓની સાથે રહેતા ન હતા. તેઓના લગ્ન થયા હતા તે પહેલાં સામાવાળા નંબર એક સાથે તેઓની સગાઈ થયેલી. તેઓની સગાઈ લગ્ન ના બે મહિના પહેલા થયેલ. ઉપરોકત બે મહિના ના સમય ગાળા દરમિયાન તેઓના માતા પિતા સમી મુકામે સામાવાળાને ત્યાં જતા અને તે જ રીતે સામાવાળા નંબર એક ના માતા પિતા પણ રાધનપુર મુકામે તેઓના ઘરે આવતા જતા હતા. તેઓ ના સાસુ સસરાના વર્તન સારુ જોઈ તેઓના લગ્ન નકકી થયેલા. તેઓ પ્રથમ વખત જયારે તેઓના લગ્ન કરીને તેઓના સાસરે ગયેલા ત્યારે તેઓ એક વર્ષ જેટલુ રહેલા. આ એક વર્ષ દરમિયાન તેઓએ સામાવાળા વિરૂધ્ધ પોલીસ સ્ટેશન માં કોઈ ફરિયાદ આપેલી નહી. તેમના લગ્ન થયા ત્યારબાદ એક વર્ષ ના અંતર માં તેમને પુત્ર થયેલો. ઉપરોકત જણ।વેલ એક વર્ષ દરમિયાન તેઓ તેઓના માતા પિતા સાથે ફોનઉપર સહે–લાઈ થી વાત કરી શકતા હતા.સમી મુકામે તેઓને જયારે નાનું મોટુ કામ પડે જેમ કે શાકભાજી લેવાનુ હોય તો તેઓ સહેલાઈથી જઈ શકતા હતા. સામાવાળાની આવક બાબતનો તેઓએ કોઈ દસ્તાવેજી પુરાવો આ

કામે રજુ કરેલ નથી. એ વાત તેઓને યાદ નથી કે તેઓ સમી મુકામે લગ્ન કરીને ગયેલા ત્યારે કેટલો સમય રોકાયેલા. તે વાત ની તેઓને ખબર નથી કે તેમના સસરા ની ઉંમર ૬૦ વષર અને સાસુ ની ૫૯ છે કે કેમ ? તેમને તેમના સાસુ સસરા ની ઉંમર નો અંદાજો નથી. તે વાત તેમને યાદ નથી કે અરજી કર્યા બાદ કોઈ પ્રોટેક્ષન અધિકારીએ તેઓનો જવાબ લીધેલ કે કેમ ? અરજદારે આ સિવાયની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૯) આમ ઉપરોકત હકીકતે આ કામે પ્રતિસ્પર્ધી સામાવાળા કોઈએ તેઓના અરજદાર તથા અરજદાર ના પુત્ર સગીર અતીક સાથે ના લગ્નેત્તર/સામાજીક સંબંધો અંગે કોઈ તકરાર લીધેલ નથી આમ,અરજદાર તે સામાવાળા નં.૧ ના પત્નિ થતા હોવાનુ તથા અરજદાર નું સગીર સંતાન નામે અતીક તે સામાવાળા નં.૧ નુ સંતાન હોવાનુ તથા સામાવાળા નં.૨ થી ૪ ના તે અનુક્રમે અરજદારના લગ્નેતર સગા સસરા,સાસુ,દીયર હોવાનુ સામાવાળા પક્ષે સ્વીકૃત છે.પરંતુ સામાવાળા નં.૫ ના તે સામાવાળા નં.૧ સાથે ગેરકાયદેસર સબંધ ધરાવતા। હોવાની હકીકત કોઈ સામાવાળાએ સ્વીકારેલ નથી તથા આ હકીકત પુરવાર કરવા અરજદાર પક્ષે કોઈ સબળ પુરાવો રજુ કરેલ નથી આમ સામાવાળા નં.૫ ના તે સામાવાળા નં.૧ ની સાથે ગેરકાયદેસર સબંધ ધરાવતા હોવાનુ અરજદારપક્ષ પુરવાર કરી શકેલ નથી. તદઉપરાંત અરજદાર તથા સામાવાળા નં.૧ નું આ અરજ કરતાં સમયે સાત વર્ષ ઉપરાંત નુ લગ્ન જીવન છે તે હકીકત પણ સામાવાળા પક્ષે નકારેલ નથી તે જ રીતે રેકર્ડ ની હકીકત જોતાં અરજદાર એ ઉલટ તપાસ માં તે હકીકત નો સ્વીકાર કરેલ છે કે, અરજી કરતા અગાઉ તેઓએ નામદાર ફેમિલી જજ સાહેબની કોર્ટ માં સી.આર.પી.સી. કલમ ૧૨૫ મુજબ ની ભરણપોષણ મેળવવા માટેની અરજી કરેલી જે અરજી હેઠળ રાધનપુરના ફેમિલીજજ સાહેબે તેઓને અરજ-દાર નં.૧ અને અરજદાર નં.૨ ને રૂા.૫,૦૦૦/-ચુકવવાનો હુકમ કરેલ છે.આમ અરજદાર નં.૧ તથા સામાવાળા નં.૧ વચ્ચે લગ્ન જીવન દરમિયાન તકરાર થયેલાનુ તથા તે કામે અરજદાર એ તેઓનુ તથા તેમના સગીર સંતાન નુ ભરણ પોષણ મેળવવા અરજ કરતાં સક્ષમ હકુમત ધરાવતી કોર્ટ દ્વારા અરજદાર ની હકીકત ગ્રાહય રાખી અરજદાર તથા તેમના સગીર સંતાન ને ભરણ પોષણ ચુકવી આપવા નો સામાવાળા નં.૧ ને હુકમ કરેલ છે તે જ રીતે આંક ૦૪ થી રજુ પ્રોટેક્ષન ઓફીસર નો અહેવાલ પણ અરજદાર ની અરજી સંદર્ભે હકારાત્મક હોવાનુ ફલીત થાય છે. આમ આ તમામ હકીકત જે અરજદારો ની તરફેણ ના સંજોગો નો નિર્દેશ કરે છે તદઉપરાંત સામાવાળા નં.૧ થી ૩ તથા ૪,૫ ના ઓ તેમના વિ.વ.શ્રી મારફત આ કામે હાજર થયેલ છે તથા અરજદાર ની અરજી નો જવાબ રજુ કરેલ છે તથા સામાવાળા નં.૧ વેપારી ખાલીકભાઈ ઈદ્રીશ ભાઈ નું લેખિત સર તપાસ નું સોગંદનામુ આંક ૨૫ થી રજુ થયેલ પરંતુ સામામાવાળા ઉલટ તપાસ સારુ હાજર રહેતા ના હોઈ સર તપાસ નુ સોગંદનામુ ડીસ્કાર્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે આમ સામાવાળા નં.૧ ના એ ઉલટ તપાસ સારુ વીટનેશ બોક્ષ માં આવવાનુ પસંદ કરેલ નથી તથા અન્ય સામાવાળા

તરફે અરજદાર ની અરજી તથા પુરાવા નો ખંડન કારક કોઈ જ સોગંદ ઉપર નો પુરાવો રજુ થયેલ નથી.જયારે અરજદારે પોતાની અરજી ને સમર્થન કારક પુરાવો આપેલ છે તથા વિરુધ્ધ ની તથા ખંડનકારક કોઈ જ હકીકત ઉલટ તપાસ માં થી ફલિત થતી નથી કે જે અરજદાર ની અરજ ને નિષ્ફળ બનાવે.તે જ રીતે આ અરજ નિર્ણીત કરતાં સમયે અરજદાર નુ સામાવાળા નં.૧ સાથે નુ ૧૭ વર્ષ ઉપરાંત નુ લગ્ન જીવન છે અને સામાન્ય રીતે કોઈ સ્ત્રી પોતાના પતિ સાથેના આટલા બધા લાંબા લગ્ન જીવનનો અને તે પણ સંતતિ સુખ પ્રાપ્ત થયા બાદ વ્યાજબી કારણ વગર અને માત્ર ભરણ પોષણ ની તથા અન્ય દાદ મેળવવાના એક માત્ર હેતુસર ત્યાગ કરે તે વિરુધ્ધ ના અને સબળ ખંડનકારક પુરાવા ની ગેર હાજરી માં માનવાને પાત્ર નથી અને તેવા સંજોગો માં આ પ્રોસીડીંગ્ઝ હેતુ સામાવાળા નં.૧ એ અરજદારો નો ત્યાગ કરેલાના અરજદાર ના સામાવાળા નં.૧ ઉપર ના આક્ષેપો ને નહી માનવાનુ કોઈ કારણ જણાતુ નથી.આમ,વિરુધ્ધ ના અને સબળ તથા ખંડન કારક પુરાવા ની ગેરહાજરી માં સામાવાળા નં. ૧ થી ૪ ના ઓ એ અરજદાર નો વિના કારણે ત્યાગ કરેલાનું પુરવાર થતું હોઈ પરંતુ સામાવાળા નં.૫ ના તે સામાવાળા નં.૧ ની સાથે ગેર–કાયદેસર સબંધ ધરાવતા હોવાનુ પુરવાર થતુ ના હોઈ તેટલે અંશે **મુદ્દા નં.૧** નો નિર્ણય **અંશત : હકાર માં** ઠરાવવામાં આવે છે. આમ અરજદાર તે સામાવાળા નં. ૧ ના વિધિવત ના પરણિત પત્ની છે અને સેટલ્ડ લૉ મુજબ પોતાનુ ગુજરાન નહી કરી શકનાર અરજદાર (પત્ની) તેણીની ના પતિ પાસે થી તથા સગીર સંતાન તેના પિતા પાસે થી ભરણ પોષણ મેળવવાનો હકક ધરાવે છે. આમ સામાવાળા નં.૧ ના એ અરજ દાર કે સગીર પુત્ર અતીક ના ભરણ પોષણ ની કોઈ વ્યવસ્થા કરેલ હોય તેવુ પુરવાર થતુ નથી તથા અરજદાર કે સગીર પુત્ર અતીક આવક કમાણી કરતા હોય કે અરજદાર ની પાસે આવક કમાણી ના સાધનો હોય તેવુ પુરવાર થતુ નથી. જેથી અરજદાર તથા સગીર પુત્ર અતીક નું ભરણ પોષણ કરવાની કાયદેસર ની અને નૈતિક જવાબદારી સામાવાળા નં.૧ ઉપર રહેલ છે અને સામાવાળા નં.૧ અરજદાર તથા સગીર પુત્ર અતીક નુ ભરણપોષણ કરવા બંધાયેલા છે.હવે અરજદારે તેઓના તથા સગીર પુત્ર અતીક બંને ના ભરણ પોષણ સારું કુલ મળી માસિક રૂા.૧૫,૦૦૦/–લેખે ની રકમ મેળવવા દાદ માંગેલ છે જે અંગે અરજદારે સામાવાળા નં.૧ ને તથા સામાવાળાનં.ર ના ને સમી મુકામે કાયમી રીતે નોનવેજ ફરસાણ નો વેપાર/ધંધો આવેલાનુ તેની માસીક આવક રૂા.૫૦,૦૦૦/– હોવાનુ તથા સામાવાળા ઓ ની ખેતી ની જમીન આવેલાનુ જેની વાર્ષિક રૂા.ર,૦૦,૦૦૦/–હોવાનુ અને સામાવાળા નં.૧ નુ સારું એવુ રોકાણ હોવા નુ પ્રતિપાદીત કરેલ છે પરંતુ અરજદારે સામાવાળા નં.૧ ની મિલકત/ધંધા તથા આવક ની હકીકત સ્વતંત્ર પુરાવો રજુ કરી પુરવાર કરેલ નથી.આમ,અરજદાર પક્ષ સામાવાળા નં.૧ ની સચોટ આવક પુરવાર કરી શકેલ નથી.પરંતુ વિરુધ્ધ ના પુરાવા તથા યોગ્ય બચાવ ની ગેરહાજરી માં તથા એબલ બોડી ના સિધ્ધાંત મુજબ સામાવાળા નં ૧ ને આવક ના સાધન છે તથા સામાવાળા નં.૧ આવક કમાણી મેળવી રહેલ છે તેવુ માનવાને પાત્ર રહે છે.તે જ રીતે અરજદાર એ તેઓના સામાજીક/આર્થિક માન મોભા અંગે પણ કોઈ પુરાવો

રજુ કરેલ નથી પરંતુ અરજદાર નો એક સામાન્ય વ્યકિત તરીકે નો દરજ્જો ગણવામાં આવે તો પણ હાલ ના સંજોગો તથા મોંઘવારી ના સમયમાં પુખ્તવય ના અરજદાર ને તેમના ભરણપોષણ સારુ માસિક રૂ.૪,૦૦૦ તથા સગીર પુત્ર અતીક ને તેમના ભરણપોષણ સારુ માસિક રૂ.૨,૦૦૦/–ની રકમ સામાવાળા નં.૧ પાસે થી વસુલ અપાવવામાં આવે તો તેટલી રકમ માં અરજદાર તથા તેમના સગીર પુત્ર અતીક નું સરળતા થી ગુજરાન થઈ શકે તેમ જણાય છે. આમ, અરજદાર ની અરજી તથા તેના સમર્થન માં રજુ પુરાવો ધ્યાને લેતાં સામાવાળાઓ એ અરજદાર નો વિના કારણે ત્યાગ કરેલા નું તથા અરજદાર તથા સગીર પુત્ર અતીક ના ભરણપોષણ ની કોઈ વ્યવસ્થા સામાવાળા નં.૧ ના એ કરેલ નહી હોવાનું અરજદાર પુરવાર કરવામાં સફળ થતા હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય હકાર માં આપી અરજદાર માસિક રૂ.૪,૦૦૦/– (ચાર હજાર પુરા) તથા સગીર પુત્ર અતીક માસિક રૂ.૨,૦૦૦/–લેખે ની રકમ સામાવાળા નં.૧ પાસે થી ભરણપોષણ પેટે વસુલ મેળવવા હકકદાર થતા હોવાનુ ઠરાવવામાં આવે છે

**<u>મુદ્દા નં.૨ થી ૪ સંયુકત :</u>**

**૧૦)** આ કામે અરજદાર ધ્વારા પારીવારીક હીંસા થી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમની કલમ ૧૮ મુજબ ૧) રક્ષણ હુકમ મેળવવા,કલમ ૧૯ મુજબ રહેઠાણ નો હુકમ મેળવવા તથા સલામત વૈકલ્પિક રહેઠાણ નુ ભાડુ ચુકવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો અરજદારે તેઓની અરજી કે પુરાવા માં સામાવાળા કોઈ કૌટુંબીક મિલકત ધરાવતા હોય કે રહેઠાણ નું મકાન ધરાવતા હોવા અંગે નો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તે જ રીતે અરજદાર ભાડા ના આવાસ માં રહેતા હોય અગર તો ભાડુ ચુકવતા હોય તેવો પણ કોઈ લેખિત અગર તો મૌખિક પુરાવો રજુ નથી.આમ અરજદારે,જે વિષય વસ્તુ ની દાદ માંગેલ હોય તે હકીકત નુ અસ્તિત્વ અરજદારે પુરવાર કરવુ જોઈએ અને તો જ અરજદારની તરફેણમાં તેવી દાદ મંજુર કરી શકાય.પરંતુ સામા વાળા ના કોઈ કૌટુંબીક મિલકત ધરાવતા હોય કે રહેણાંક નુ મકાન ધરાવતા હોય કે અરજદાર ભાડા ના મકાન માં વસવાટ કરતા હોય કે ભાડુ ચુકવતા હોય તેવો કોઈ પુરાવો પણ અરજદાર પક્ષે રજુ થયેલ નથી. જેથી તેવા સંજોગોમાં અરજદાર આવા સ્વરુપ ની દાદ મેળવવા હકકદાર થતા નથી.

**૧૧)** તે જ રીતે કલમ ૨૦ મુજબ નાણાંકીય મદદ અપાવવા, સામાવાળા ને વળતર અથવા નુકશાની નો નિર્દેષ કરવા કલમ ૨૦ મુજબ કમાણી નુ નુકશાન રૂા.૨, ૫૦,૦૦૦/–તથા શારીરિક માનસીક ઈજા ના નુકશાન ના રુ.૨,૫૦, ૦૦૦/મેળવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો વળતર અથવા નુકશાની બાબતે અરજદાર નો સામાવાળા વિરુધ્ધ શારીરીક માનસીક ત્રાસ આપ્યાનો માત્ર અને માત્ર મૌખિક આક્ષેપ છે. વધુ માં અરજદાર ના આક્ષેપ ના સમર્થન માં અરજદારપક્ષે કોઈ તટસ્થ,સ્વતંત્ર,નિષ્પક્ષ સાહેદ નો પુરાવો રજુ થયેલ નથી. તે જ રીતે શારીરીક ત્રાસ ના આક્ષેપ સંદર્ભે અરજદારે કોઈ ડોકટરી સારવાર/દવા કરાવેલ

હોય તો તેનો પણ કોઈ લેખીત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં શારીરીક માનસીક ત્રાસ બદલ વળતર પેટે નાણાં વસુલ મેળવવાની દાદ કાલ્પનિક કારણોસર મંજુર કરી શકાય નહીં.કારણ કે, શારીરીક ત્રાસ બદલ વળતર પેટે નાણાં વસુલ મેળવવાની દાદ અંગે શારીરીક ત્રાસ તથા ખરેખર થયેલ ખર્ચ ની હકીકત અરજદારે પુરવાર કરવી જોઈએ અને આ શારીરીક ત્રાસ ની હકીકત પુરવાર કરવામાં આવે તો પણ માનસીક ત્રાસ આપ્યા બદલ ના પુરાવા ની ગેરહાજરી માં માનસીક ત્રાસ અંગે કોર્ટ અનુમાન કરી શકે. પરંતુ અરજદારપક્ષે તેણીની ને કોઈ શારીરીક મારઝુડ નો ત્રાસ હોવાની હકીકત પુરવાર કરેલ નથી. આમ સ્વતંત્ર પુરાવા ની ગેરહાજરી માં અરજદાર આ વિષય હેતુ વળતર મેળવવા હકકદાર થતા નથી.

**૧૨)** હવે બાળક ની સ્કુલ જગ્યા માં પ્રવેશ કરવા ઉપર સામાવાળા ને મનાઈ કરવા, અરજદારની સાથે વાત ચિત કરવા સામે મનાઈ હુકમ મેળવવા તથા પુરાવા વિના ખોટા આક્ષેપો કરે નહી તથા ખોટા કેસો કરે કરાવે નહી તેવો મનાઈ હુકમ મેળવવા, મિલકત માં થી છુટા પાડવા સામે મનાઈ હુકમ મેળવવા, સંયુકત બેન્ક લોકર/ખાતુ ચલાવવા મનાઈ ફરમાવવા તથા તે અરજદાર ને ચલાવવા રજા આપવા, અશ્લીલતા/સબંધી ઓ/ભોગ બનનાર વ્યકિત ના બીજા લોકો દુર રહેવાનો નિર્દેશ મેળવવા,કૌટુંબીક ભાગ માં દાખલ થવા ઉપર ભાગ માં થી છુટા પાડવા/બે દખલ કરવા/દુર કરવાની કોશિષ ન કરવા હુકમ મેળવવા,વ્યકિતગત હેસિયત થી અરજદાર ને મળતી સગવડના હકકો અપાવવા, સામાવાળાઓ કૌટુંબીક ભાગ માં થી દુર થાય તેવી માગેલ દાદ સંદર્ભે જોવામાં આવે તો અરજદાર ના પુત્ર ની સ્કુલ ની જગ્યા (સ્થળ) અરજદારે જણાવેલ નથી તથા અરજદાર તથા સામાવાળા એકબીજાથી અલગ રહે છે તેવા સંજોગો માં એકબીજા સાથે વાતચિત કરતા અટકાવવા મનાઈ કરવાનો કોઈ અર્થ રહેતો નથી તે જ રીતે ખોટા કેસો કરતા અટકાવવા મનાઈ હુકમ મેળવવાની દાદ સંદર્ભે જોવામાં આવે તો સામાવાળા ધ્વારા અરજદાર વિરુઘ્ઘ જો કોઈ કાનુની કાર્યવાહી (કેસ) કરવામાં આવે તો અરજદાર તેનો બચાવ કરી શકે છે પરંતુ સામાવાળા ને તેવી કાનુની કાર્યવાહી કરતા અટકાવવાની દાદ મંજુર કરી શકાય નહી. તે જ રીતે મિલકત માં થી છુટા પાડવા મનાઈ મેળવવા, સંયુકત બેન્ક લોકર/ખાતુ ચલાવવા મનાઈ કરવા તથા અરજદાર ને તે ચલાવવા રજા આપવા દાદ માગેલ છે પરંતુ તે સંદર્ભે જોવામાં આવે તો અરજદાર એ તેવા કોઈ સંયુકત બેંક લોકર/ખાતા ના કોઈ પુરાવા રજુ કરેલ નથી તથા કૌટુબીક ભાગ માં થી અરજદાર ને જગ્યા માં દાખલ થવા કૌટુબીક ભાગ માં થી છુટા પાડવા /બે દખલ કરવા/દુર કરવાની કોશિષ ન કરે,સામાવાળા તેમના કૌટુબીક ભાગમાં થી દુર થાય તેવી માગેલ દાદ સંદર્ભે જોવામાં આવે તો અરજદારે તેઓની અરજી કે પુરાવા માં સામાવાળા કોઈ કૌટુંબીક મિલકત ધરાવતા હોય કે રહેઠાણ નું મકાન ધરાવતા હોવા અંગે ની કોઈ જ હકીકત પ્રતિપાદીત કરેલ નથી કે તેનો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ નથી આમ અરજદાર તેઓની અરજી ના ફોર્મ નં.૨ માં માગ્યા મુજબ ની ઉપરોકત કોઈ દાદ મેળવવા હકકદાર થતા ના હોઈ **મુદ્દા નં. ૨ થી ૪** નો નિર્ણય **નકાર માં** ઠરાવવામાં

આવે છે.

**૧૩)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ અરજદાર મુદ્દા નં.૧ તથા ૫ પુરવાર કરવામાં અંશત: સફળ થતા હોઈ તથા અન્ય મુદ્દાઓ પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોઈ મુદ્દા નં.૬ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ કમ**

**૧)** આથી અરજદાર ની અરજી **અંશત: મંજુર** કરવામાં આવે છે.

**૨)** આથી સામાવાળા નં.૧ ના એ અરજદાર મદીનાબેન ખાલીદભાઈ વેપારી ને તેઓના ભરણ પોષણ પેટે માસિક રૂ.૪,૦૦૦/-(ચાર હજાર પુરા) તથા અરજદાર ના પુત્ર સગીર અતીક ને તેઓના ભરણ પોષણ પેટે માસિક રૂ.૨,૦૦૦/-(બે હજાર પુરા) લેખે ની રકમ આ અરજી કર્યા તા. ૧૨/૬/૨૦૨૩ થી નિયમિત પણે અને ચડયે ચડયા ચુકવી આપવાનો હુકમ કરવા માં આવે છે.

**૩)** આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે અરજદાર તથા અરજદાર ના પુત્ર સગીર અતીક ને આ હુકમ અન્વયે જે ભરણ પોષણ ની રકમ ચુકવી આપવાનો સામાવાળા નં.૧ વિરુધ્ધ હુકમ કરવામાં આવેલ છે તે ઉપરાંત જો અરજદાર તથા અરજદાર ના પુત્ર સગીર અતીક સામાવાળા નં.૧ પાસે થી અન્ય કાયદા અન્વયે ભરણ-પોષણ ની રકમ મેળવતા હોય તો તે રકમ આ હુકમ અન્વયે ની રકમ માં થી મજરે ગણવાની રહેશે.

**૪)** આથી અરજદાર ની અરજી ની અન્ય દાદ "**નામંજુર**" કરવામાં આવે છે.

**૫)** સામાવાળા નં.૧ થી ૪ નાઓએ સંયુકત અગર તો વિભકતપણે અરજદાર ને આ અરજી ના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/-(પાંચ હજાર પુરા) અલગ થી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૩૦ મી માહે જુન ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાધનપુર
તા.૩૦/૬/૨૦૨૬

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ )
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
રાધનપુર જી.જે.૦૦૭૪૨